ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૬ ટકા

ગાંધીનગર તાપમાન

લગ્નોત્સવના અવનવા ટ્રેન્ડ

લગ્ન પ્રસંગો માટે સુંદર સજાવટ દ્વારા તૈયાર કરાતી પ્લેટ અને હેમ્પર્સ ઓન ડિમાન્ડ : મહેંદી, હલ્દી, મામેરૂ માટે લોકો સુંદર મજાની સજાવટ કરાવીને પ્લેટ બનાવડાવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૮

શહેરમાં લગ્નસરાની મોસમ પૂરબહાર ખીલી ઉઠી છે. ચારેકોર લગ્ન પ્રસંગોની શહેનાઈઓ ગુંજી ઉઠી છે. દરેક લગ્ન પ્રસંગોમાં નવા-નવા ક્રેઝ જોવા મળી રહ્યા છે. લોકો લગ્નોત્સવમાં ભરપૂર ખર્ચ કરી રહ્યા છે. જેમાં આજે વાત કરવા જઈ રહ્યા છીએ લગ્નોમાં ઉપયોગમાં લેવાતી વિવિધ ચીજવસ્તુઓની સજાવટ અંગે. જેમાં છેલ્લા બે-ત્રણ વર્ષથી લગ્નોત્સવમાં આ પ્રકારના ટ્રેન્ડ જોવા મળી રહ્યા છે. તે પછી મામેરૂ હોય કે મહેંદી પ્રસંગ હોય દરેક પ્રસંગમાં ઉપયોગમાં લેવાતી નાની-મોટી ચીજવસ્તુઓને હવે સુંદર રીતે સજાવવામાં આવી રહી છે.

શહેરમાં સેક્ટર-૨૨ ખાતે રહેતા કવિતાબેન કોટક દ્વારા વિવિધ સજાવટની ચીજવસ્તુઓ બનાવવામાં આવી રહી છે. તેમના જણાવ્યા મુજબ લગ્ન પ્રસંગોમાં લોકો મહેંદીની પ્લેટ, હલ્દીની પ્લેટ, કોસ્મેટિકનું પેકિંગ, ચંપલોનું પેકિંગ, જ્વેલરીનું ડીસપ્લે, અખંડ શૌભાગ્યવતીની ચૂંદડીની પ્લેટ, મામેરાનું પીરામીડ, પૈસાનો બુકે, ડ્રાયફ્રૂટનો બુકે, પૈસાનો કેકવાળો બુકે, માંડવામાં ઓઢવાની સાડીની પ્લેટ, મામેરામાં આપવાની વસ્તુઓની પ્લેટ, ચોકલેટ બુકે, છાબમાં આપવાની સાડીઓ, દરેક પ્રકારની ગીફ્ટના પેકિંગ સુંદર રીતે સજાવીને તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત નવા ક્રેઝમાં જે હાલમાં ચાલી રહ્યુ છે તેમાં જોઈએ તો રીંગ સેરેમનીની પ્લેટ જે કસ્ટમાઈઝ કરીને તૈયાર કરવામાં આવે છે અને બીજું છે હૂપ આર્ટ તેનો પણ હાલમાં ક્રેઝ ચાલી રહ્યો છે. આ તમામ કામગીરી પાછળ ઘણો સમય લાગી જાય છે. અને મહેનત પણ માંગી લે છે. લોકો પૈસાવાળી કેકમાં ૨૦ થી ૩૦ હજાર રૂપિયા મુકાવડાવે છે. આ કેક મામેરા માટે તૈયાર કરાવવામાં આવી રહી છે. શ્રીફળને પણ કસ્ટમાઈઝ કરીને લગ્ન પ્રસંગોમાં ઉપયોગમાં લેવામાં આવે છે. જેમાં શ્રીફળ ઉપર ગણેશજીને મુકવામાં આવે છે. મહેંદીની પ્લેટમાં મહેંદીના કોન, નીલગીરીનું તેલ, લીંબુ-ખાંડનું સ્ટ્રે જેવી ચીજવસ્તુઓ મુકવામાં આવે છે.

લગ્ન પ્રસંગો ઉપરાંત પાર્ટી કે અન્ય પ્રસંગો માટે પણ લોકો તેમની પાસેથી વિવિધ ચીજવસ્તુઓ બનાવવાના ઓર્ડર આપી રહ્યા છે. પોતાની કલા અને શોખના કારણે કવિતાબેન કોટક આજે શહેરમાં જાણીતા થયા છે. લોકોને તેમની કલાકૃતિ ખૂબ પસંદ પડી રહી છે. લગ્ન પ્રસંગો બાદ હોળીના પર્વ માટે પણ વિવિધ હેમ્પર્સ બનાવવાનું તેઓ વિચારી રહ્યા છે. ગયા વર્ષે તેમણે કલર, પીચકારી, ફુગ્ગા, ચોકલેટના સુંદર મજાના હોળી-ધૂળેટી પર્વના હેમ્પર્સ બનાવ્યા હતા.

જન્મદિને વધામણી

આર્વી નિરંજન પટેલ
મો. ૯૮૯૮૯૪૬૯૫૮

નયના નિખિલ વૈષ્ણવ
મો. ૯૪૨૭૩ ૦૬૩૮૦

લક્ષ્મી લીલાની
મો. ૯૪૨૯૬ ૩૪૦૪૦

પટેલ મીત આર.
મો. ૯૮૯૮૬ ૭૮૨૩૯

જય ભાનડે
મો. ૭૩૫૯૭૬૯૭૩૬

નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ગાંધીનગર દ્વારા યુવા સંસદ કાર્યક્રમનું આયોજન કરાયું

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ તારીખ ૩૧-૧૨-૨૦૧૭ ના રોજ "મન કી બાત" કાર્યક્રમ માં યુવાનોને ભારતની અવાજ બનવાની પ્રસ્તાવના મૂકી હતી. જેના અનુસંધાનમાં રાષ્ટ્રીય યુવા સંસદ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ત્યારબાદ હર વરસે સમગ્ર દેશમાં તમામ જિલ્લાના યુવાનોને તક મળી રહી છે તેના ભાગરૂપે ગુજરાત માં નેહરુ યુવા કેન્દ્ર દ્વારા આ પ્રતિયોગિતાનો પ્રથમ તબક્કો જીલ્લા સ્તરે આયોજિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તારીખ ૦૭-૦૨-૨૦૨૩ ના રોજ રાજ્ય સ્તરીય પ્રતિયોગિતા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રકૃતિ ના મંત્રિ માનનીય શ્રી હર્ષ સંઘવી તથા ગુજરાત રાજ્યના ગાંધીનગર જિલ્લાના ધારાસભ્ય માનનીય શ્રીમતી રીટાબેન પટેલ એ કાર્યક્રમનો ઉદ્ઘાટન કરી પ્રતિભાઓ ને પ્રોત્સાહક માર્ગદર્શન આપી ઉત્સાહ વધાર્યો



હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય તેમજ સંઘ પ્રદેશ થઈને કુલ ૩૬ જિલ્લાઓના પ્રતિભગી કે જેઓ જિલ્લા સ્તરે પ્રથમ અને દ્વિતીય આવેલ હતા તેઓ એ ભાગ લીધો હતો અને ગુજરાત રાજ્યમાં રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમે રાજવી કડિયા (દાહોદ જિલ્લો), દ્વિતીય ક્રમે ધ્વનિ દિપકભાઈ રાજ્યગુરુ (ભાવનગર જીલ્લો) અને તૃતીય ક્રમે અંશ ટાક (અમદાવાદ જિલ્લો) રહ્યા હતા. તેમાં નિર્ણાયક તરીકે ડો. નિલમ પંચાલ, જાહેર નીતિ વિભાગના વડા, ગુજરાત સરકાર, ડો. મહેન્દ્ર સિંહ સુરેયલ, ક્યુરેટર, પાટણ મ્યુઝિયમ, ગુજરાત સરકાર, લવિન્દ્રસિંહ લબાના, પ્રોફેસર, જી.એમ. ડી.સી., નખત્રાણા, કચ્છ, કુંતલભાઈ નિમાવત, પત્રકાર અને સામાજિક કાર્યકર ગાંધીનગર અને ડો. મિલનબેન લક્કડવાલા (સહાયક પ્રોફેસર) કેમેસ્ટ્રી એસપીટી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરાએ સેવા આપી હતી. કાર્યક્રમની આભાર વિધિ રાજ્ય નિર્દેશક શ્રીમતી મનિષાબેન શાહ અને એનએસએસના રિજનલ ડાયરેક્ટર ગીરીરાજ ઉપાધ્યાય એ કરી હતી.

બ્રહ્માકુમારીઝ દ્વારા શિવરાત્રી પર્વે શિવજયંતિ મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૯

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા શિવજયંતિની ઉજવણીના ભાગરૂપે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સેવાકેન્દ્રના બ્રહ્માકુમાર ભાઈ-બહેનો તથા સ્થાનિક યુવક મિત્ર મંડળ, સંચાલિકા બ્રહ્માકુમારી સુનિતાદીદીના માર્ગદર્શન હેઠળ જોડાશે. આ શોભાયાત્રાનું પ્રસ્થાન પૂર્વ કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી કરાવશે. આ શોભાયાત્રામાં તમામ ભાઈ-બહેનો પ્રોઈવેટ માલિકીના કાર-જીપમાં જોડાશે. સૌ નગરજનોને આ શોભાયાત્રામાં જોડાવા અને ભોળાનાથના દર્શન કરી પોતાને ધન્ય બનાવવા ઈશ્વરીય નિમંત્રણ પાઠવ્યું હતુ.

તા. ૧૨-૨-૨૦૨૩, રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાકે, બ્રહ્માકુમારીઝ, પ્લોટ નં. ૧૫૫૯/૧, સેક્ટર-૩-ડી, ગાંધીનગર ખાતે યોજાશે.

મહિલા જાગૃતિ અભિયાન પબ્લિક ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક વિકાસનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૯

મહિલા જાગૃતી અભિયાન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દહેગામ, સંચાલિત બહેરા મૂંગા શાળા દ્વારા ૭-૨-૨૩ના રોજ બાળકોના શૈક્ષણિક વિકાસ અંગેનો કાર્યક્રમ યુનિયન બેંક ઓલ ઈન્ડિયા એસોશીએશન દ્વારા યોજવામાં આવ્યો હતો. શાળાના ૪૦ બાળકોને સ્કૂલબેગ અને ભોજનાલયમાં ફ્રીજ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બેન્કના જનરલ સેક્ટેરી વકીલ પ્રેસીડેન્ટ તેમજ બેન્કના અધિકારીઓ અને સ્ટાફગણ વિકાસ એજ્યુકેસન ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી ભુપેન્દ્રભાઈ જાની હાજર રહ્યા હતા. સંસ્થા અને શાળાનો પરિચય સંસ્થાના પ્રમુખ ઈન્દુમિતીબેન એમ. ભ્રહ્મભટ્ટે આપ્યો હતો અને બેન્કનો આભાર વ્યક્ત કરેલ. બાળકો અને શાળા સ્ટાફે પણ કાર્યક્રમની સરાહના કરી હતી.

જે.બી. પ્રા. શાળાનો વાર્ષિકોત્સવ ૧૪મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૯

જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા દ્વારા વાર્ષિકોત્સવ ૨૦૨૨-૨૩નું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૧૪ના રોજ બપોરે ૧ થી ૩ વાગ્યે ખીમજી વિશ્રામ એન્ડ સન્સ સંસ્કારભવન ખાતે યોજાશે.

ગાંધીનગરની પ્રતિષ્ઠિત કલાસંસ્થા ખનક ઈન્સ્ટિટ્યૂટ ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ ની વિદ્યાર્થીની કુ.જાનવી સંજયભાઈ રાવલ એ પ્રથમ શ્રેણી સાથે ભરતનાટ્યમ માં વિશારદ ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. આ સંસ્થા છેલ્લા ૧૫ વર્ષથી ગાંધીનગર તથા અમદાવાદમાં કાર્યરત છે. આ સંસ્થાના સંચાલકો કુલદીપ શુકલ તથા ખુશ્બૂ શુકલ ને કાલા ના ક્ષેત્ર માં ૨૫ વર્ષ નો બહોળો અનુભવ છે. આ નિમિત્તે તેઓ સંસ્થા દ્વારા કુ. જાનવી સંજયભાઈ રાવલને અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય માંથી ભરતનાટ્યમ માં વિશારદ ની ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે.

અવસાન નોંધ

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ પ્લોટ નં. ૪૧૬, ગાયત્રીનગર સોસાયટી ખાતે રહેતા ચિરાગ બાવાલાલ બગથરિયાના માતૃશ્રી જ્યોત્સનાબેન બાવાલાલ બગથરિયાનું ગત તા. ૬-૨-૨૩ના રોજ દુઃખદ અવસાન થયુ છે. સદ્ગતનું બેસણુ તા. ૧૦-૨-૨૦૨૩ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સેક્ટર-૨૭ પ્લોટ નં. ૪૧૬ ગાયત્રીનગર સોસાયટી ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા ૧૦મીથી શિવદર્શન નગરી યોજાશે

ગાંધીનગર, તા. ૯

આધ્યાત્મિક ઉત્થાન માટે કાર્યરત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા 'અખિલ ગુજરાત શિવજયંતી મહોત્સવ' મનાવવામાં આવી રહેલ છે. જે અંતર્ગત તા. ૧૦ થી ૧૩ ફેબ્રુઆરી દરમ્યાન ગણેશ હાઉસીંગ ગ્રાઉન્ડ ઝાયડસ હોસ્પિટલ પાસે, એસ.જી. હાઈવે, થલતેજમાં 'શિવ અવતરણથી સ્વર્ણિમ ભારત મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

પરમાત્મા શિવનું ભારત ભૂમિ પર પ્રજાપિતા બ્રહ્માના તનમાં ૧૯૩૭માં થયેલ દિવ્ય અવતરણની યાદગાર એ જ મહાશિવરાત્રી-૮૭મી ત્રિમૂર્તિ શિવજયંતી છે. જેના ઉપલક્ષમાં બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજીત ઉપરોક્ત ઉત્સવ અંતર્ગત શિવદર્શન નગરી બનાવેલ છે. શિવદર્શન નગરીમાં ૧૨ જ્યોતિર્લિંગમ દર્શન, સ્વર્ણિમ ભારત દર્શન, વેલ્યુ ગેમ્સ, રાજયોગ પ્રદર્શન અને શાંતિ અનુભૂતિ કક્ષ જેવા આકર્ષણના કેન્દ્ર બની રહેશે. તદઉપરાંત ૩૫ ફૂટ ઊંચા શિવલિંગના દર્શન પણ રહેશે.

ડાબલા ઉજાણી અંતર્ગત ટ્રેડીશનલ વાનગી હરીફાઈ

ગાંધીનગર, તા. ૯

સંસ્કૃતિ મહિલા પરિવાર અંતર્ગત ડાબલા ઉજાણી ટ્રેડીશનલ વાનગી હરિફાઈનું આયોજન તા. ૧૪-૨-૨૩ના રોજ ૧૧ કલાકે નીચેના સ્થળે કરેલ છે. જેનું આયોજન નેસન્સ પ્રાઈડ (ગાર્ડન રેસ્ટોરન્ટ) ચીલોડા ચોપાટી, ચીલોડા સર્કલ કાફે ખાતે કરવામાં આવ્યું છે.

આ હરિફાઈમાં ઘરેથી ટ્રેડીશનલ વાનગી બનાવીને લાવવાની રહેશે. એક વ્યક્તિ એકજ વાનગી (સ્વીટ કે સ્પાઈસી) બનાવી શકશે. કચ્છી, ગામઠી કે એમ્બ્રોડરી ટ્રેડીશનલ ડ્રેસ કોડ રાખેલ છે. જેથી એક અલગ સંસ્કૃતિનું દૃશ્ય ઉભુ કરી શકાય. આ હરિફાઈમાં જે બહેનોએ ભાગ લેવો હોય તેમને તા. ૧૧મી સુધીમાં નામ નોંધાવવા પ્રતિભાબેન દવે - ૯૧૦૬૮૨૮૨૦૯, અલ્પાબેન ગોર - ૯૪૦૮૦૫૮૪૦૧ નો સંપર્ક કરવો.

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં માનસિક રોગો તથા ઉપચાર વિષય પર સેમિનાર

ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં સોમવારે ગાંધીનગરમાં ચાલતી વિજ્ઞાન સમિતી તથા મેન્ટલ હેલ્થ મિશન ગુજરાત રાજ્યના ઉપક્રમે નાથીબા મહિલા કોલેજના હોલમાં વિદ્યાર્થીઓમાં જોવા મળતા 'માનસિક રોગો તથા ઉપચાર' વિષય પર મેડિકલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૫ થી ૮ નાં લગભગ ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઉપસ્થિત રહેલ. આ સેમિનારમાં સિવિલ હોસ્પિટલનાં માનસિક રોગ વિભાગના પ્રોજેક્ટ કો. ઓર્ડીનેટર ડૉ. વિધિબેન મોદી, સ્ટાફ નર્સ મનિષા પટેલ તેમજ સોશિયલ વર્કર નેહાબેન જોષી ઉપસ્થિત રહેલ. ડૉક્ટર દ્વારા માનસિક રોગોની સંપૂર્ણ માહિતી સાથે વિદ્યાર્થીઓને પરીક્ષામાં સરળ રીતે યાદ રાખવાની પદ્ધતિ

તથા વાલીઓના વ્યક્તિગત માનસિક રોગ સંબંધી પ્રશ્નો અંગે ખૂબ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલે કર્યુ તથા વિદ્યાર્થીઓને ફાઈલ, પેન અને નાની ડાયરી આપવામાં આવી હતી.

કાર્યક્રમને અંતે શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે આ માહિતી અને માર્ગદર્શન આપવા બદલ સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો તથા વિદ્યાર્થીઓને ધ્યાન દ્વારા ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ આપી હતી.

બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે અલોમનાઈમીટનું આયોજન

ગાંધીનગર, તા.૯

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોમા ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને ડાયરેક્ટ શ્રી રવિ કુમારના માર્ગદર્શન હેઠળ અલોમનાઈમીટનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા ચાલુ વર્ષ દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહ પૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. આ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા તેમના કોલેજ પ્રત્યેના અનુભવો અને મળેલ સફળતાઓની ચર્ચા કરવામાં આવેલ હતી. આ પ્રોગ્રામનું સફળ સંચાલન પ્રિન્સિપાલ ભૂમિકા જાની મેડમ તેમજ તેમના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું

સેક્ટર-૧૨ ખાતે નિઃશુલ્ક યોગા તાલીમ વર્ગ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સહયોગથી તથા યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા ગાંધીનગર સેક્ટર-૧૨, સાર્વજનિક બગીચા ખાતે સવારે ૭:૪૫ થી ૮:૪૫ કલાક દરમિયાન યોગની નિઃશુલ્ક તાલીમ ગાંધીનગરના સર્વે નગરજનોને આપવામાં આવશે અને વધુ માહિતી માટે ૭૩૮૩૭૯૧૦૭૮ પર સંપર્ક કરીને નામ નોંધાવી લેવા જણાવવામાં આવ્યું છે.

વંડર કિડ્સ સ્કૂલ પ્રિ-સ્કૂલ ખાતે એન્યુઅલ ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાના ભૂલકાંઓએ અવનવા ડાન્સ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. મેયર હિતેશભાઈ મકવાણા આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકર શર્મિષ્ઠાબેન પ્રવિણભાઈ - ઉ.વ. ૬૫, ગાંધીનગર
- ઠાકોર હજુરજી મોહનજી, ઉ.વ. ૮૫, માણેકપુર, માણસા